મહિલા અને બાળ વિભાગ હસ્તકની
આઈસીડીએસ યોજના હેઠળની જગ્યાઓ
ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૬/પા.ફા.૧/બ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૧૦/૨૦૨૧

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૧૬/૦૩/૨૦૧૬નો ઠરાવ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૫/૦૩/૨૦૨૧નો ઠરાવ.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૯/૦૭/૨૦૨૧નો ઠરાવ.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની કચેરી દ્વારા સિંગલ ફાઈલથી કરેલ દરખાસ્ત.

//ઠરાવ//

વંચાણે લીધા (૧) ના ઠરાવથી મહિલા અને બાળ વિભાગ હસ્તકની આઈસીડીએસ યોજના હેઠળની જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી વિભાગ હસ્તકની આઈસીડીએસ યોજના હેઠળની કુલ-૩૫૬૩ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૨ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (3) પરના ઠરાવથી સ્ટેટ સેલની જગ્યાઓમાં ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ની ૦૨ જગ્યાઓ તથા અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ની ૦૧ જગ્યા એમ કુલ-03 જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૪) પરની સિંગલ ફાઈલથી કરેલ દરખાસ્ત અન્વયે પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની ૩૩ જગ્યાઓ અને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ની ૩૩૬ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૧૭ ની પશ્ચાતવર્તી અસરથી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ પત્રક મુજબ વિભાગ હસ્તકની કુલ-૩૬૯ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૧૭ ની પશ્ચાતવર્તી અસરથી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે:

1. જિલ્લા કક્ષાનું મહેકમ:

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | મંજુર જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧) | ૫૬૧૦૦-૧૭૭૫૦૦ (પે-૧૦) | ૩૩ | |
| | કુલ | | ૩૩ | |

2. ઘટક કક્ષાનું મહેકમ:

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | મંજુર જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | સીડીપીઓ (વર્ગ-૨) | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે-૮) | ૩૩૬ | |
| કુલ | | | ૩૩૬ | |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ચૈતન્ય નિમાવત )
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
6. સર્વે તિજોરી અધિકારીશ્રી, જિ.......................
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ……………………………
8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ……………………….
9. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, .................................
11. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, …………………..
12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારુ.
13. સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
14. શાખા સિલેક્ટ ફાઈલ.